જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૪/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૯૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૯૭ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૫૯૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાતય કરી હતી.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૫૯૭/૨૦૨૬**

અમરાઈવાડીઃ વિવેક સ/ઓ અશોકભાઇ માલી (ઉ.વ.૩૦) (રહે. ગણેશનગર સોસાયટી અજય ટેનામેન્ટ વિભાગ–૪ નજીક જૈન મંદીર સામે અમરાઇવાડી) નાઓએ અગમ્ય કારણસર તા.૨૭/૦૪/૨૦૨૬ કલાક ૦૨/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી દવા પી આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી માનસિંહ અભેસિંહ ચલાવે છે.

ઓઢવઃ અંજલી વા/ઓ નંદુભાઈ ચુનારા (ઉ.વ.૨૦) (રહે. દિપાલીનગર આદિનાથનગર ઓઢવ) નાઓએ અગમ્ય કારણસર તા.૨૬/૦૪/૨૦૨૬ બપોરના ૧૨/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાના શરીર ઉપર જ્વલનશીલ પ્રવાહી છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને શારદાબેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૦૪/૨૦૨૬ કલાક ૦૦/૩૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એન.જામંગ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી